# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી
# દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા

Azadi Ka Amrit Mahotsav

E-mail: dcfdangsouth16@gmail.com Telephone no: (02631) 220246

ક્રમાંકઃઅ/વપચ/૧૦/1055-57/૨૦૨૨-૨૩
આહવા ડાંગ તા. 07/11/2022

પ્રતિ
મુખ્ય વન સંરક્ષકશ્રી
વલસાડ વન વર્તુળ વલસાડ

**વિષયઃ** કિસાન સુર્યોદય યોજના અંતર્ગતની ૬૬કેવી કરંજખેડ-ચુનાવાડી લાઇનની ૭.૮૦૪૮ હે. જંગલ જમીનની દરખાસ્ત માટે વાંસદા નેશલન પાર્ક ઈકો સેન્સેટીવ ઝોનમાં મોનીટરીંગ કમીટીની ભલામણ આપવા બાબત.

**સંદર્ભઃ** (૧) નાયબ ઈજનેરશ્રી બાંધકામ પેટા વિભાગજેટકો નવસારીના પત્રાંકઃ ૨૦૨૧-૨૨/ જેટકો/સીડીએનએસ/ટેક/૬૬કેવી કે.એસ.વાય.લાઇન/૫૩૧ તા.૧૬/૦૩/૨૦૨૨
(૨) નિવાસી અધિક કલેકટરશ્રી નવસારીના પત્રાંકઃ સીએચ/આરઈવી/વશી/૧૨૧૭ તા.૨૫/૦૮/૨૦૨૨
(૩) વાંસદા નેશનલ પાર્કના ઈકો સેન્સિટીવ ઝોનની મોનીટરીંગ કમિટીની બેઠક અંગેની કાર્યવાહી નોંધ તા.૦૮/૦૯/૨૦૨૨

સાદર ઉપરોકત વિષય અન્વયે નિવેદન કે, અત્રેના વન વિભાગ હસ્તક આવેલ વાંસદા નેશનલ પાર્કના ઈકો સેન્સિટીવ ઝોનના વિસ્તારમાં ડોલવણ તાલુકાના ચુનાવાડી ગામ આવેલ છે. જે ગામ નજીક ૦.૯૦૨ કિ.મી. જેટલો ભાગ ઈકો સેન્સિટીવ ઝોનના વિસ્તારમાં આવતાં સદર કામગીરી મોનીટરીંગ કમિટી બેઠકમાં કમિટીની સંમતિ સાથે સદર દરખાસ્ત મંજુરી અર્થે સંદર્ભ-૨ ના પત્રથી કમિટીની બેઠક તા.૦૭/૦૯/૨૦૨૨ના રોજ કલેકટરશ્રી નવસારીના સભાખંડમાં અધ્યક્ષશ્રી ઈકો સેન્સીટીવ ઝોન, મોનીટરીંગ કમિટી તથા કલેકટરશ્રી નવસારીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી. જેમાં કિસાન સુર્યોદય યોજના અંતર્ગતની ૬૬કેવી કરંજખેડ-ચુનાવાડી લાઇનની ૭.૮૦૪૮ હે. જંગલ જમીનની દરખાસ્ત માટે વાંસદા નેશલન પાર્કની ઈકો સેન્સેટીવ ઝોનની મોનીટરીંગ કમીટીમાં રજુ કરવામાં આવેલ જે કમિટીમાં ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓએ સર્વે સંમતિથી ભલામણ કરવામાં આવેલ છે. (કાર્યવાહી નોંધની નકલ સામેલ છે.) સદર કામગીરીની દરખાસ્ત મંજુરી અર્થે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી વન્યજીવ ગુજરાત રાજય ગાંધીનગરની કચેરીએ સાદર કરવા જણાવવા આવેલ છે. જેથી વાંસદા નેશનલ પાર્કના ઈકો સેન્સિટીવ ઝોનની મોનીટરીંગ કમિટીની બેઠક અંગેની કાર્યવાહી નોંધ તથા દરખાસ્ત આ સાથે પેટામાં સામેલ રાખી સાદર કરવામાં આવે છે. જે વિદિત થાય.

સભ્ય સચિવ
ઈકો સેન્સિટીવ ઝોન, મોનીટરીંગ કમિટી
વાંસદા નેશનલ પાર્ક
અને
નાયબ વન સંરક્ષક
દક્ષિણ ડાંગ વન વિભાગ, આહવા

**સવિનય નકલ રવાનાઃ** અધ્યક્ષશ્રી ઈકો સેન્સિટીવ ઝોન, મોનીટરીંગ કમિટી વાંસદા નેશનલ પાર્ક –વ- કલેકટરશ્રી નવસારી તરફ જાણ સારૂં.
**સવિનય નકલ રવાનાઃ** નાયબ ઈજનેરશ્રી બાંધકામ પેટા વિભાગ (જેટકો) નવસારી તરફ જાણ સારૂં.

## વાંસદા નેશનલ પાર્કના ઇકો સેન્સિટીવ ઝોનની મોનીટરીંગ કમિટીની બેઠક અંગેની કાર્યવાહી નોંધ

કલેક્ટરશ્રી, નવસારીના અધ્યક્ષ સ્થાને વાંસદા નેશનલ પાર્કના ઇકો સેન્સિટીવ ઝોનની મોનીટરીંગ કમિટીની બેઠક તા.૦૭/૦૯/૨૦૨૨ના રોજ સાંજે ૪:૦૦ કલાકે કલેકટર કચેરી નવસારીના સભાખંડમાં રાખવામાં આવેલ હતી. જેમાં નીચે મુજબના અધિકારી/કર્મચારીશ્રીઓ હાજર રહયા હતા.

૧. કલેક્ટરશ્રી, નવસારી (અધ્યક્ષશ્રી)
૨. નાયબ વન સંરક્ષકશ્રી દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા (સભ્ય સચિવશ્રી)
૩. પ્રાદેશીક અધિકારીશ્રી, ગુજરાત રાજય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ નવસારી (સભ્યશ્રી)
૪. નગર નિયોજક અધિકારીશ્રી નવસારી (સભ્યશ્રી)
૫. નાયબ ઇજનેરશ્રી બાંધકામ પેટા વિભાગ (જેટકો) નવસારી (આમંત્રિત સભ્યશ્રી)

ગેરહાજર રહેલ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ

૧. મામલતદારશ્રી વાંસદા (સભ્યશ્રી)
૨. મામલતદારશ્રી વઘઇ (સભ્યશ્રી)
૩. સરપંચશ્રી ગ્રામ પંચાયત ચુનાવાડી

ઇકો સેન્સિટીવ ઝોનની મોનીટરીંગ કમિટીની બેઠકમાં સભ્ય સચિવશ્રી અને નાયબ વન સંરક્ષકશ્રી, દક્ષિણ ડાંગ વન વિભાગ, આહવા ધ્વારા કલેકટરશ્રી નવસારીના અધ્યક્ષતા હેઠળ મોનીટરીંગ કમિટીના સભ્યોશ્રી તેમજ આંમત્રિત સભ્યોશ્રીને આવકારી ઇકો સેન્સિટીવ ઝોનની મોનીટરીંગ કમિટીની શરૂઆત કલેકટરશ્રી, નવસારીના અધ્યક્ષ સ્થાનેની મીટીંગના એજન્ડા બાબતની જાણકારી આપવામાં આવી ત્યાર બાદ નીચે મુજબના મુદાઓની ચર્ચા કરવામાં આવી.

૧. વાંસદા નેશનલ પાર્કના ઇકો સેન્સિટીવ ઝોનના વિસ્તારમાં આવેલ ડોલવણ તાલુકાના ચુનાવાડી ગામ નજીક કિસાન સુર્યોદય યોજના અંતર્ગતની ૬૬ કેવી કરંજખેડ-ચુનાવાડી લાઇનની ૭.૮૦૪૮ હે. જંગલ જમીનના ડાયવર્ઝન માટે ચુનાવાડી ગામ નજીકનો ૦.૯૦૨ કિ.મી. જેટલો ભાગ ઇકો સેન્સિટીવ ઝોનના વિસ્તારમાં આવે છે. જે કામગીરી માટે નાયબ ઇજનેરશ્રી બાંધકામ પેટા વિભાગ (જેટકો) નવસારી દરખાસ્ત રજુ કરવામાં આવી.

ઉપરોકત દરખાસ્ત કમિટી સમક્ષ રજુ કરતાં કમિટી ધ્વારા બહાલી આપવામાં આવેલ છે. તેમજ સદર કામગીરીની દરખાસ્ત અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી ગુજરાત રાજય ગાંધીનગર ખાતે મંજુરી અર્થે સાદર કરવા જણાવવામાં આવ્યું.

ઇકો સેન્સિટીવ ઝોનના વિસ્તાર તેમજ નેશનલ પાર્કના વિસ્તારના આજુબાજુના ૧૩ ગામો માટે વિગતવાર ચર્ચા કરી હાજર રહેલ અધિકારીશ્રીઓને સમજણ આપી ગેરહાજર રહેલ અધિકારીશ્રીઓને આવતી બેઠકમાં હાજર રહેવા સુચના આપવામાં આવી. ઇકો સેન્સિટીવ ઝોનની મોનીટરીંગ કમિટીની બેઠકમાં હાજર રહેવા બદલ આભારમાની મીટીંગ પુર્ણ જાહેર કરવામાં આવી.

સભ્ય સચિવ
ઇકો સેન્સિટીવ ઝોન, મોનીટરીંગ કમિટી
વાંસદા નેશનલ પાર્ક
અને
નાયબ વન સંરક્ષક
દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા

અધ્યક્ષ
ઇકો સેન્સિટીવ ઝોન, મોનીટરીંગ કમિટી
વાંસદા નેશનલ પાર્ક
અને
કલેકટર
નવસારી

ક્રમાંકઃ બ/વપસ/૧૦/ ૫૭૦૧-16 /૨૦૨૨-૨૩
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી
દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા
તા. 08/09/ 2022

પ્રતિ,
પ્રાદેશીક અધિકારીશ્રી, ગુજરાત રાજય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ નવસારી (સભ્યશ્રી)
નગર નિયોજક અધિકારીશ્રી નવસારી (સભ્યશ્રી)
નાયબ ઇજનેરશ્રી બાંધકામ પેટા વિભાગ (જેટકો) નવસારી (આમંત્રિત સભ્યશ્રી)
મામલતદારશ્રી વાંસદા (સભ્યશ્રી)
મામલતદારશ્રી વઘઇ (સભ્યશ્રી)
સરપંચશ્રી ગ્રામ પંચાયત ચુનાવાડી
સવિનય નકલ રવાનાઃ અધ્યક્ષશ્રી ઇકો સેન્સિટીવ ઝોન, મોનીટરીંગ કમિટી વાંસદા નેશનલ પાર્ક અને
કલેકટરશ્રી નવસારી તરફ જાણ સારૂ

સભ્ય સચિવ
ઇકો સેન્સિટીવ ઝોન, મોનીટરીંગ કમિટી
વાંસદા નેશનલ પાર્ક
અને
નાયબ વન સંરક્ષક
દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા